ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૨.૨ ડીગ્રી
લઘુતમ : ૨૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૮૪ ટકા

# નવા ગાંધીનગરમાં રખડતા ઢોરોનો વધતો ત્રાસ


ગાંધીનગર, તા.૧૩
નગર વિકાસ તરફની ગતિમાં આગળ ધપી રહ્યું છે. હાલમાં જ ગાંધીનગર શહેર અને નગરની આજુબાજુના ગામડાઓનો ગાંધીનગર મહાનગરપાલિકામાં સમાવેશ થયો છે એટલે કે વિકાસના કાર્યો હવે મનપા દ્વારા જે તે ગામડાઓમાં પણ થશે ત્યારે નગરનો વર્ષોથી ચર્ચાતો પ્રશ્ન રખડતાં ઢોરનો ત્રાસ તે હજુ સુધી ઉકેલાયો નથી. રખડતા ઢોરને કારણે નગરજનોને અકસ્માતનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ કરીને વાવોલ, સરગાસણ અને કુડાસણ વિસ્તારમાં રખડતા ઢોરનો ત્રાસ દિવસેને દિવસે વધતો જઈ રહ્યો છે. આ બાબતોને ધ્યાનમાં લઈ કોઈ પગલાં લેવાય તેવી નગરજનોની માંગ છે.

નગરમાં પાણી અને રોડની મુખ્ય સમસ્યાની સાથે જ રખડતા ઢોરની સમસ્યા દિવસોને દિવસે વધતી જઈ રહી છે. નગરજનોને આ કારણોસર અકસ્માતનો સામનો કરવો પડી રહ્યો છે. નગરમાં પહેલેથી જ સે-૭, ૨૧ અને



૨૪ના માર્કેટમાં રખડતા ઢોરોની સમસ્યા હતી જ સાથે નવા વિસ્તાર વાવોલ, સરગાસણ અને કુડાસણમાં રખડતા ઢોરનો ત્રાસ વધતો જઈ રહ્યો છે. નગરના રસ્તાઓ પર ઢોર પકડવાની ગાડી જોવા મળે છે પરંતુ પકડેલા ઢોર કયાંય દેખાતા નથી. નગરના જાગૃત નાગરિક જણાવે છે કે, સેકટરના શાકમાર્કેટ પાસે તો હજુ પણ ઢોર પકડવાની ગાડી દેખાય છે પરંતુ નવા સેકટરમાં તો એ પણ દેખા દેતી નથી અને સાંજના સમયે સરગાસણ, વાવોલ અને કુડાસણ એટલે કે ગ અને ખ રોડ રખડતા ઢોરથી ભરેલો હોય છે.

ઓફિસ છુટવાના ટાઈમે આવા ઢોર રસ્તામાં આવે ત્યારે સ્પીડમાં આવતા વાહનોને અચાનક જ બ્રેક મારવી પડે છે અને જેને કારણે ટ્રાફિકની સમસ્યા વકરી છે. ઘણા સેકટરોમાં રસ્તાની વચ્ચે બેઠેલા ઢોરને કારણે વાહનચાલકોને વાહન ચલાવવામાં મુશ્કેલી ભોગવવી પડી રહી છે અને જયારે ઘણા સેકટરોમાં આજે સ્ટ્રીટલાઈટ નથી ત્યારે અંધારામાં રોડ પર બેઠેલ ઢોર દેખાય નહીં તો અકસ્માત થવાનો ભય રહે છે.



રખડતા ઢોરોની જાણે દશા માઠી બેઠી છે. એક તરફ સરાકરે ઢોરની કાળજી રાખવાની બંધ કરી દીધી છે તો બીજી તરફ જીવદયા પ્રેમીઓ પણ પશુઓની દશા તરફ આંખ આડા કાન કરી રહ્યા છે. સેકટર-૫-એમાં ફરી રહેલા એક આખલાને ગંભીર કહી શકાય એવી ઈજાઓ પહોંચી છે કોઈ જીવદયા પ્રેમીનું ધ્યાન તેના તરફ જાય તો ઘણું.



ગાંધીનગરમાં વરસાદી વાતાવરણ સાથે મીની વાવાઝોડું ફુંકાતા ઠેર ઠેર વૃક્ષો પડી જવાના બનાવો બન્યા હતા. વરસાદ બંધ થતાં જ વનવિભાગે આવી પડી ગયેલી ડાળીઓ કાપી ઉપાડવાનું શરૂ કર્યું હતું.

## જીઈબી પાસે સામાન્ય તકરારમાં યુવક પર તલવારથી હુમલો

ગાંધીનગર, તા.૧૩
ગાંધીનગર શહેરને અડીને આવેલા પેથાપુરમાં સામાન્ય તકરારમાં યુવક પર તલવારથી હુમલો કર્યો હતો. યુવકને હાથે અને કપાળના ભાગે ઈજા પહોંચતા સારવાર માટે ગાંધીનગર સિવિલ ખાતે લઈ જવાયો હતો. બનાવ અંગે પેથાપુર પોલીસ મથકે યુવકે ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી સામે હત્યાના પ્રયાસનો ગુનો નોંધી આગળની તજવીજ શરુ કરી છે.

બનાવની મળતી વિગત મુજબ જીઈબી કોલોની ખાતે રહેતો ૨૩ વર્ષીય અજય હરિકૃષ્ણ પટેલ શનિવારના રોજ સાંજના પોણા છ વાગ્યાના અરસામાં તે બાઈક લઈને સંજરી પાર્ક તરફ જવાના માર્ગ આગળ ઉભો હતો ત્યારે પાછળથી આવેલા એકટીવા ચાલકે હોર્ન મારતા યુવકે બાજુમાંથી જવા માટે ઈશારો કર્યો હતો. જેથી એકટીવા ચાલકે ગાળાગાળી કરી ઝઘડો કર્યો હતો. પરંતુ સ્થાનિક નાગરિકોએ તેને શાંત પાડતા ફારૂક મકસુદભાઈ મનસુરી એકટીવા લઈ જતો રહ્યો હતો. ત્યારબાદ ગણતરીના સમયમાં તે પરત ફર્યો હતો અને હુમલો કર્યો હતો. જેમાં ફરિયાદી યુવક ખસી ગયો હતો આરોપીએ ફરીયાદી પર હુમલો કરતા યુવકે તલવાર પકડી પાડી હતી જેથી યુવકને બે હાથે અને કપાળના ભાગે ઈજા પહોંચી હતી. ઝઘડાને પગલે દોડી આવેલા સ્થાનિક નાગરિકોએ યુવકને હુમલાખોરથી બચાવ્યો હતો. યુવકને ઈજા પહોંચતા સારવાર માટે ગાંધીનગર સિવિલ લઈ ગયા હતા. યુવકે ફરિયાદ નોંધાવતા પોલીસે હત્યાના પ્રયાસનો ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.



ગાંધીનગરમાં વિકાસ કાર્યોએ ગતિ પકડી છે. ઉઘાડ નીકળતા જ અનેક પ્રકારના વિકાસ કાર્યો થઈ રહ્યા છે. જયાં નજર કરો ત્યાં કયાંક માર્ગો બની રહ્યા છે તો કયાંક પાઈપલાઈનનું તો કયાંક અંડર ગ્રાઉન્ડ કેબલ નાંખવાનું કામ થઈ રહ્યું છે. નવી એલઈડી સ્ટ્રીટલાઈટ નાંખવાનું કામ પણ 'ગ' રોડ પર પૂરજોશમાં થઈ રહ્યું છે. જુની સ્ટ્રીટલાઈટના થાંભલા કાઢી તેના બદલે નવા થાંભલા નાંખવામાં આવી રહ્યા છે.

### દત્ત મંદિરમાં યોજાઈ રહેલ યોગ શિબિરમાં જોડાવવા આમંત્રણ

દત્ત મંદિર સે-૨૮ ખાતે નિઃશુલ્ક યોગ શિબિર બે માસ માટે પ્રાયોગિક ધોરણે ૧લી સપ્ટેમ્બરથી સાંજના ૫ થી ૬ કલાક દરમિયાન શરુ કરવામાં આવેલ છે. રસ ધરાવતા શહેરીજનોને આ શિબિરમાં જોડાવવા જીગીષાબેન એ. પાઠક દ્વારા મો. નં. ૯૯૯૮૦૫૩૭૬૨ પર સંપર્ક કરવા જણાવાયું છે.

## સે-૧૭ જુના એમએલએ કવાટર્સ ખાતે બાજી માંડીને બેઠેલા ૭ જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૧૩
ગાંધીનગર શહેરના સેકટર-૧૭ સ્થિત જૂના એમએલએ કવાટર્સ નજીક ખુલ્લી જગ્યામાં બાજી માંડને બેઠેલા ૭ જુગારીઓને સેકટર-૨૧ પોલીસે દબોચી લીધા છે. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીનો રૂ. ૧૨,૫૩૦ રોકડા અને મોબાઈલ કિં. ૯૨૦૦ મળીને કુલ રૂ. ૨૧,૭૩૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. તમામ જુગારીઓ સામે પોલીસે જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ સેકટર-૧૭ જુના એમએલએ કવાટર્સ ખાતે ખુલ્લી જગ્યામાં જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમી સેકટર-૨૧ પોલીસને મળી હતી. જેને પગલે પોલીસે સ્થળ પર જઈ રેડ પાડતા સે-૨૫ જીઆઈડીસી વિસ્તારમાં આવેલા સરકારી વસાહતમાં રહેતો અનિલ દિનેશ દંતાણી સે-૨૨ બ્લોક નં. ૩૮/૨માં રહેતો મુકેશ અશ્વિન દંતાણી, કોબા રહેતો રવિ દુલસુખ દંતાણી, મીના બજાર ખાતે છાપરામાં રહેતો રમેશ ભૂરાભાઈ દંતાણી, રવિ ભૂપત દંતાણી, વિશાલ દશરથ દંતાણી અને યોગેશ દિનેશ દંતાણી જુગાર રમતા ઝડપાયા હતા. પોલીસને જોઈ જુગારીઓમાં દોડધામ મચી જવા પામી હતી. પોલીસે જુગારીઓની અંગજડતી દાવ પરથી રોકડ ૪ મોબાઈલ મળી કુલ રૂ. ૨૧,૭૩૦નો મુદ્દામાલ કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.



### ચિરવિદાય

- સ્વ. દરજી ચંદુલાલ રતિલાલ, ઉ.વ. ૬૫, કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. પટેલ રાજેન્દ્રકુમાર કેશવલાલ, ઉ.વ. ૪૮, માણેકપુર, તા. માણસા
- સ્વ. નૈનેશભાઈ દુધાભાઈ પરમાર, ઉ.વ. ૪૧, સેકટર-૧૩, ગાંધીનગર
- સ્વ. ચિમનલાલ નાથાલાલ પ્રજાપતિ, ઉ.વ. ૭૫, અમરાઈવાડી, અમદાવાદ

# બાળક શું વિચારે છે તે નહીં બાળકે કેવી રીતે વિચારવું તે મહત્વનું

## રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦માં ગોખણિયા અને પરીક્ષાલક્ષી અધ્યયનને બદલે સંકલ્પનાત્મક સમજ પર ભાર : વિદ્યાર્થીઓના ઘડતર અને શ્રમના ગૌરવ સાથે 'જે યોગ્ય છે તે કરવા'નું મહત્ત્વ


ગાંધીનગર, તા.૧૩
તાજેતરમાં ભારત સરકાર દ્વારા 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦'ની જાહેરાત કરવામાં આવી છે અને લગભગ સાડા ત્રણ દાયકા પછી દેશમાં નવી શિક્ષણ નીતિની પ્રસ્તુત કરવામાં આવી છે. સ્વાભાવિક રીતે જ અલગ અલગ રાજકીય વિચારધારા દ્વારા આ શિક્ષણનીતિને પોતપોતાની રીતે મુલવીને તેની તરફેણમાં નિવેદનો આપવામાં આવી રહ્યા છે કે વિરોધનાં સૂર ઊભા થઈ રહ્યા છે. ભારતમાં જે હાલની શિક્ષણપ્રથા છે તે સૌને ખબર છે કે મેકોલી દ્વારા પ્રસ્તુત કરવામાં આવી હતી અને તેના થકી ભારતીય સંસ્કૃતિ પર ખુબ જ લાંબા ગાળાની ઘેરી અસરો પડી છે, જેનાથી કદાચ 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦' પણ કેટલેક અંશે પ્રભાવિત છે. જો કે નવી શિક્ષણ નીતિને અનુલક્ષીને વડાપ્રધાનના કહેવા અનુસાર અત્યાર સુધીની શિક્ષણ પદ્ધતિમાં 'બાળક શું વિચારે છે?' તે અગત્યનું હતું, જ્યારે નવી શિક્ષણ નીતિમાં 'બાળકે કેવી રીતે વિચારવું?'ને મહત્ત્વનું ગણવામાં આવ્યું છે અને નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં વિદ્યાર્થીઓના ઘડતર અને શ્રમના ગૌરવનું પણ ખૂબ જ ધ્યાન રાખવામાં આવ્યું છે.


સમગ્ર 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦'નું અનુવાદિત સરળ ગુજરાતી સંસ્કરણ ગાંધીનગર સ્થિત 'ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન (આઈઆઈટીઈ)' દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યું છે તેની પ્રસ્તાવનામાં લખ્યું છે કે 'નવી શિક્ષણ નીતિમાં તમામ વિદ્યાર્થીઓ માટે તેમનું રહેઠાણ ગમે ત્યાં હોય તો પણ,




ગુણવત્તાયુક્ત શિક્ષણ વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવી પડશે. આ કાર્યમાં દીર્ઘકાળથી હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયો, વંચિતો અને લઘુમતી સમૂહો પર વિશેષ ધ્યાન આપવાની જરૂરિયાત રહેશે. આ સાથે તેમાં વ્યાપક સ્તરે શિક્ષણ પ્રણાલીની સાથે સાથે પ્રત્યેક સંસ્થાના માર્ગદર્શન માટેના મૂળભૂત સિદ્ધાંતોમાં તમામ વિદ્યાર્થીઓને ધોરણ ૩ સુધીમાં મૂળભૂત સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન પ્રાપ્ત થાય તે બાબતને સર્વાધિક પ્રાથમિકતા આપવી, વિનયન અને વિજ્ઞાન વચ્ચે, શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રવૃત્તિઓની વચ્ચે, વ્યાવસાયિક અને શૈક્ષણિક વિદ્યાશાખાઓ વચ્ચે કોઈ સ્પષ્ટ ભેદરેખા ઊભી કરવામાં ન આવે, જેથી જ્ઞાનના ક્ષેત્રોમાં જોવા મળતા હાનિકારક ભેદભાવો, અંતરાયોને તથા એકબીજા વચ્ચેની અસંબદ્ધતાને દૂર કરી શકાય અને ગોખણિયા અને પરીક્ષાલક્ષી અધ્યયનને બદલે સંકલ્પનાત્મક સમજ પર ભાર મૂકી તાર્કિક નિર્ણયશક્તિ અને નવા વિચારને પ્રોત્સાહિત કરવા સર્જનાત્મક તથા વિવેચનાત્મક ક્ષમતાનો વિકાસ સાધવા સાથે વર્તમાન 'કોચિંગ કલ્ચર'ને પ્રોત્સાહિત કરતી વાર્ષિક પરીક્ષા પદ્ધતિને બદલે નિયમિત અને સતત પરીક્ષણ પર ભાર મૂકવાની વાત કહી છે. આ સાથે સ્વીકારવામાં આવ્યું છે કે શિક્ષણ એક જાહેર સેવા છે અને ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવવું એ દરેક બાળકનો મૂળભૂત અધિકાર છે જયારે વર્તમાન સમયમાં પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતાં ૫ કરોડથી પણ વધુ બાળકો આજે પણ મૂળભૂત સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન ધરાવતાં નથી.

આ શિક્ષણ નીતિ પ્રસ્તુત કરવા સાથે એવું માનવામાં આવ્યું છે કે, બાળકના મગજનો ૮૫ ટકા વિકાસ છ વર્ષની વય સુધીમાં થઈ જાય છે અને તે સાથે બાળકનું પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં આપવામાં આવે તો તેને સારી રીતે ગ્રહણ કરી શકે છે. શિક્ષણથી ચારિત્ર્ય નિર્માણ થવું જોઈએ. વિદ્યાર્થીઓમાં નૈતિકતા, તાર્કિકતા, કરુણા અને સંવેદનશીલતા વિકસિત થવી જોઈએ અને તેની સાથે સાથે રોજગાર માટે પણ સક્ષમ બનાવવા જોઈએ જેના માટે અભ્યાસક્રમમાં વિજ્ઞાન અને ગણિતના વિષય સિવાય વિવિધ કલાઓ, શિલ્પ, માનવવિદ્યાશાખાના વિષયો, રમતગમત અને શારીરિક



સ્વાસ્થ્ય, ભાષાઓ, સાહિત્ય, સંસ્કૃતિ અને મૂલ્યનો અચૂક સમાવેશ કરવામાં આવે. આ નીતિ વર્તમાન શાળા શિક્ષણના ૧૦ ૨ના માળખાને ૩ થી ૧૮ વર્ષનાં વિદ્યાર્થીઓ માટે નવા અભ્યાસક્રમ અને અધ્યાપનશાસ્ત્રના આધાર પર ૫ ૩ ૩ ૪ની નવી વ્યવસ્થામાં પુનઃગઠિત કરવાનો નિર્દેશ કરે છે. પ્રત્યેક વિદ્યાર્થી ધોરણ ૩ સુધીની મૂળભૂત સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન જરૂરથી પ્રાપ્ત કરે અને દરેક શાળામાં વિદ્યાર્થી-શિક્ષક ગુણોત્તર ૩૦:૦૧થી ઓછો હોય તેવી વ્યવસ્થા કરવામાં આવશે. અત્યારે શાળાઓમાં ડ્રોપ આઉટ રેશિયો ચિંતાજનક છે. ધોરણ ૬ થી ૮ માટેનો કુલ નોંધણી ગુણોત્તર (જીઈઆર) ૯૦.૯ % છે, જ્યારે ધોરણ ૯-૧૦ અને ૧૧-૧૨ માટે તે અનુક્રમે માત્ર ૭૯.૩ ટકા અને ૫૬.૫ ટકા હતો. આ આંકડા દર્શાવે છે કે નોંધપાત્ર પ્રમાણમાં વિદ્યાર્થીઓ ધોરણ ૫ પછી અને ખાસ કરીને ધોરણ -૮ પછી શાળા છોડી દે છે. એનએસએસઓ દ્વારા ૨૦૧૭-૧૮માં કરવામાં આવેલા ૭૫માં ઘરેલું સર્વે મુજબ ભારતમાં ૬ થી ૧૭ વર્ષની વય જૂથના અને શાળા છોડી દીધી હોય કે ના આવતા હોય એવાં બાળકોની સંખ્યા ૩.૨૨ કરોડ છે. નવી નીતિથી તેમાં ઘટાડો થશે તેવો આશાવાદ વ્યક્ત કરવામાં આવ્યો છે.

'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦'માં બાળકોને પૂર્વ પ્રાથમિક અને પ્રાથમિક શિક્ષણ સાથે માધ્યમિક શિક્ષણને પણ આનંદપ્રદ અને રસપ્રદ બનાવવા અભ્યાસક્રમ દ્વારા મહત્ત્વપૂર્ણ વ્યાવસાયિક હસ્તકલાને પણ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. વિશ્વના ઘણા વિકસિત દેશોમાં આ જોવા મળ્યું છે કે પોતાની ભાષા, સંસ્કૃતિ અને પરંપરાઓમાં સુશિક્ષિત હોવું એ કોઈ અડચણ નથી પરંતુ ખરેખર શૈક્ષણિક, સામાજિક અને તકનીકી પ્રગતિ માટે એનો મોટો ફાયદો મળે છે. ભારતીય ભાષાઓ વિશ્વમાં સૌથી સમૃદ્ધ, સૌથી વધુ વૈજ્ઞાનિક, સૌથી સુંદર અને સૌથી વધુ અભિવ્યક્તિ વૈભવ ધરાવનારી છે તેથી વિદ્યાર્થીઓને પ્રાકૃત સહિત ભારતની શાસ્ત્રીય ભાષાઓ અને સાહિત્ય પણ વિદ્યાર્થીઓ માટે વિષયોના વિકલ્પો તરીકે વ્યાપકપણે ઉપલબ્ધ થશે. તમામ વિદ્યાર્થીઓ ધોરણ ૬ થી ૮ દરમિયાન દસ દિવસના દફતર વગરના તાસ – બેગલેસ પિરિયડમાં ભાગ લેશે જ્યાં તેઓ સુથાર, માળી, કુંભાર, કલાકારો વગેરે જવા સ્થાનિક વ્યાવસાયિક નિષ્ણાતોના માર્ગદર્શનમાં તાલીમ મેળવશે. વિદ્યાર્થીઓને નાની ઉંમરે 'જે યોગ્ય છે તે કરવાનું મહત્ત્વ' શીખવવામાં આવશે અને નૈતિક નિર્ણયો લેવા માટે તાર્કિક માળખું આપવામાં આવશે. બોર્ડની પરીક્ષાઓ અને પ્રવેશ પરીક્ષાઓ સહિત માધ્યમિક શાળાની પરીક્ષાઓનું વર્તમાન સ્વરૂપ - અને આજની કોચિંગ સંસ્કૃતિ - ખાસ કરીને માધ્યમિક શાળા કક્ષાએ ઘણું નુકસાન કરી રહી છે. બોર્ડના પરિક્ષાર્થીઓના 'વર્ષ બગડવાના સંકટ' ને દૂર કરવા માટે બે વાર બોર્ડની પરીક્ષા આપી શકે તેવો વિકલ્પ સૂચવાયો છે. ઉચ્ચ શિક્ષણમાં પણ આમૂલ પરીવર્તન કરવામાં આવ્યું છે અને તેમાં યુવા વિદ્યાર્થી જરૂરિયાત પ્રમાણે કોઈ ડિગ્રી કે કોર્સ પસંદ કરી શકે અને એનું મન થાય તો છોડી પણ શકે તેમજ વિદ્યાર્થીને એવી સ્વતંત્રતા હશે કે જો એ કોર્સ વચ્ચેથી જ છોડીને બીજા કોર્સમાં પ્રવેશ મેળવવા માંગે તો તે એ કરી શકે છે અને તે માટે પહેલા કોર્સમાંથી એક નિશ્ચિત સમયગાળા માટે વિરામ લઈ શકે છે તેમજ બીજા કોર્સમાં જોડાઈ શકે છે. આ સાથે ઉચ્ચ શિક્ષણને તબક્કાવાર સર્ટિફિકેટ, ડિપ્લોમાં કે ડિગ્રીમાં પરિવર્તિત કરવાથી વિદ્યાર્થી કોઈ પણ સ્તરે અભ્યાસ છોડે તો પણ તેની લઘુત્તમ લાયકાત પહેલા કરતાં વધશે. વળી, ઓનલાઈન ડિસ્ટન્સ લર્નિંગ અને એકેડેમીક બેંક ઓફ ક્રેડિટ જેવા નવા યુગના ટેકનૉલોજી આધારિત ડિજિટલ શિક્ષણના વિકલ્પો યુવાનોને વધુ આત્મવિશ્વાસુ બનાવશે.

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com